# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
## BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]

ક્રમાંક/B.K.N.M.U./N.S.S./NTF/126/2026 તા. 14/08/2026

**વિષય** – નેશનલ ટાસ્ક ફોર્સ અંતર્ગત નામદાર સુપ્રીમકોર્ટના વખતોવખત ના આદેશો અન્વયે કરવાની થતી કામગીરી કોજન્ટ પોર્ટલ મારફતે કરવા બાબત.

**સંદર્ભ** – ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા. 13-07-2026 ના પત્ર ક્રમાંક CHE/0113/07/2026 મુજબ.

## પરિપત્ર :-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ દર્શિત પત્ર પરત્વે જણાવવાનું કે, માન. સુપ્રીમકોર્ટ દ્વારા તા. 24-03-2025 ના આદેશ અન્વયે ભારત સરકાર દ્વારા **National Task Force (એન.ટી.એફ., NTF)** ની રચના કરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં માનસિક આરોગ્ય સબંધિત ચિંતાઓ, શૈક્ષણિક સંસ્થાઓમાં આત્મહત્યા નિવારણ તથા તે માટેના પ્રતિરોધાત્મક ઉપાયો કરવાનો છે. જેના અનુસંધાને ગુજરાત રાજ્યની શિક્ષણ સાથે જોડાયેલી તમામ સંસ્થાઓમાં NTF અંતર્ગત કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરીનું સરળતાથી સંકલન કરી શકાય તે માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા **COGENT પોર્ટલ** પર આ અંગેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. હવે પછીથી દરેક સંસ્થાના વડા/આચાર્યશ્રીના લોગીનમાંથી NTF ટેબ અંતર્ગત તમામ માહિતી ભરવાની રહેશે. આ માહિતી મુખ્યત્વે સંસ્થામાં વિદ્યાર્થી/વિદ્યાર્થીની દ્વારા આત્મહત્યા જેવું છેવટનું પગલું ન ભરવામાં આવે તે અંગે વિવિધ કાર્યક્રમો તથા વિવિધ સેલની ફરિયાદો તેના નિવારણ માટેના પગલા વગેરે જેવી માહિતી દર મહિનાના અંત બાદ નવા મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં અગાઉના મહિનાની માહિતી ભરવાની રહેશે. જે અંગેની માર્ગદર્શિકા આ સાથે સામેલ છે.

ઉપરાંત કોઈ અનિચ્છનીય કિસ્સામાં જો આપની સંસ્થામાં અભ્યાસ કરતા કોઈ વિદ્યાર્થી દ્વારા આત્મહત્યા જેવું છેવટનું પગલું ભરવામાં આવે છે તો તેની તાત્કાલિક જાણ જે તે દિવસે જ **COGENT** પોર્ટલના **QUICK INCIDENT** ટેબ મારફતે કરવાની રહેશે. જેમાં ઘટનાની પ્રાથમિક માહિતી ભરવાની રહેશે. ત્યાબાદ દિન-૧૦ માં ઘટનાની પોલીસ ફરિયાદ વગેરે જેવી વિગતવાર માહિતી ભરવાની રહેશે. સદર બાબતે સંસ્થા દ્વારા કોઇપણ પ્રકારની ઉદાસીનતા અથવા વિલંબ ન થાય તે બાબતે વિશેષ કાળજી રાખવી. જો **NTF** ની કામગીરી સંદર્ભે નામ. સુપ્રીમ કોર્ટની અવમાનનાનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સમગ્ર જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

**COGENT પોર્ટલ** પર નવા રજીસ્ટ્રેશન માટેની લિંક તેમજ **CHE-NTF-GUJARAT** વોટ્સઅપ ગ્રુપ લિંક નીચે જણાવવામાં આવેલ છે જેમા જોડાવા માટે ખાસ જણાવવામાં આવે છે જેથી અપડેટ સમયસર મળી રહે. તથા NTF કોજન્ટ પોર્ટલ ના યુઝર મેન્યુઅલના છેલ્લા પેજ પર સંપર્ક નંબર તથા ઇમેલ આઇડી પણ આપવામાં આવેલ છે. કોજન્ટ પોર્ટલ વિશેની ટેકનીકલ માહિતી માટે પેજ પર જણાવેલ નંબર/ઈમેલ પર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

**નોંધ – તમામ કોલેજો/સંસ્થાઓએ ઉક્ત પરિપત્રની અમલવારી કરવાની રહેશે.**

**COGENT પોર્ટલ પર નવા રજીસ્ટ્રેશન માટેની લિંક** - https://registration.gujgov.edu.in/

**CHE-NTF-GUJARAT વોટ્સઅપ ગ્રુપ લિંક** - https://chat.whatsapp.com/BInIPf9AvY21EjDmBTvomJ?s=cl&p=a&ilr=0

નોડલ ઓફિસર
BKNMU – જુનાગઢ

**બિડાણ :** - સંદર્ભ દર્શિત પત્રની નકલ.

**નકલ રવાના જાણ અર્થે : -**

- રાજ્ય એન.એસ.એસ. અધિકારીશ્રી,ગાંધીનગર તરફ
- રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ તરફ
- માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી તરફ

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh - 362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || nss@bknmu.edu.in

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

તાત્કાલિક/સુપ્રીમકોર્ટ મેટર

પ્રતિ,
રજીસ્ટ્રાર શ્રી (સરકારી, પ્રાઈવેટ યુનિવર્સિટીઓ તમામ)
સંસ્થાના વડા/આચાર્યશ્રી, (ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (HEIs) સરકારી, અનુદાનિત, બિનસરકારી તમામ),
ગુજરાત રાજ્ય

વિષય: નેશનલ ટાસ્ક ફોર્સ અંતર્ગત નામદાર સુપ્રીમકોર્ટના વખતોવખત ના આદેશો અન્વયે કરવાની થતી કામગીરી કોજન્ટ પોર્ટલ મારફતે કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને માન. સુપ્રીમ કોર્ટ દ્વારા તા. 24.03.2025 ના આદેશ અન્વયે ભારત સરકાર દ્વારા National Task Force (એન.ટી.એફ.NTF) ની રચના કરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં માનસિક આરોગ્ય સંબંધિત ચિંતાઓ, શૈક્ષણિક સંસ્થાઓમાં આત્મહત્યા નિવારણ તથા તે માટેના પ્રતિરોધાત્મક ઉપાયો કરવાનો છે. જેના અનુસંધાને ગુજરાત રાજ્યની શિક્ષણ સાથે જોડાયેલી તમામ સંસ્થાઓમાં NTF અંતર્ગત કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરીનું સરળતાથી સંકલન કરી શકાય તે માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી દ્વારા COGENT પોર્ટલ પર આ અંગેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. હવે પછીથી દરેક સંસ્થાના વડા/આચાર્યશ્રીના લોગીનમાંથી NTF ટેબ અંતર્ગત તમામ માહિતી ભરવાની રહેશે. આ માહિતીમાં મુખ્યત્વે સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થિની દ્વારા આત્મહત્યા જેવું છેવટનું પગલું ન ભરવામાં આવે તે અંગે વિવિધ કાર્યક્રમો તથા વિવિધ સેલની ફરિયાદો તેના નિવારણ માટેના પગલા વગેરે જેવી માહિતી દર મહિનાના અંત બાદ નવા મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં અગાઉના મહિનાની માહિતી ભરવાની રહેશે. જે અંગેની માર્ગદર્શિકા આ સાથે સામેલ છે.

ઉપરાંત કોઈ અનિચ્છનીય કિસ્સામાં જો આપની સંસ્થામાં અભ્યાસ કરતા કોઈ વિદ્યાર્થી દ્વારા આત્મહત્યા જેવું છેવટનું પગલું ભરવામાં આવે છે તો તેની તાત્કાલિક જાણ જે તે દિવસે જ COGENT પોર્ટલના QUICK INCIDENT ટેબ મારફતે કરવાની રહેશે. જેમાં ઘટનાની પ્રાથમિક માહિતી ભરવાની રહેશે. ત્યારબાદ દિન-૧૦ માં ઘટનાની પોલીસ ફરિયાદ વગેરે જેવી વિગતવાર માહિતી ભરવાની રહેશે.

સદર બાબતે સંસ્થા દ્વારા કોઈપણ પ્રકારની ઉદાસીનતા અથવા વિલંબ ન થાય તે બાબતે વિશેષ કાળજી રાખવી. જો NTF ની કામગીરી સંદર્ભે નામ. સુપ્રીમ કોર્ટની અવમાનનાનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સમગ્ર જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

નોંધ-તમામ સરકારી અનુદાનિત યુનિવર્સિટીઓએ તેના તાબા હેઠળની સ્વ-નિર્ભર સંસ્થાઓમાં ઉક્ત પત્રની અમલવારી કરાવવાની રહેશે.

સંયુક્ત નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર,

નકલ રવાના તાબાની સંસ્થાઓને જાણ તથા યોગ્ય કાર્યવાહી કરાવવા સારૂ-

૧. નાયબ નિયામક (મહેકમ શાખા, સદર કચેરી)
૨. નાયબ નિયામક (કોલેજ વહીવટ શાખા, સદર કચેરી)
૩. નાયબ નિયામક,(સંશોધન શાખા, સદર કચેરી)
૪. નાયબ નિયામક(ગ્રામ વિદ્યાપીઠ શાખા, સદર કચેરી)